# રાજયમાં નવા ૭૧૩૫ કેસ

## રાજ્યમાં ૨૪ કલાકમાં ૮૧ વ્યક્તિના મોત : અત્યાર સુધીમાં કુલ ૬૫૦૯૩૨ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : કેસ અને મૃત્યુમાં ઘટાડો, રિકવરી રેટ વધ્યો

ગાંધીનગર, તા. ૧૭

કોરોનાના કહેર બાદ ગુજરાત માટે રાહતના સમાચાર આવી રહ્યાં છે. રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસથી નવા કેસમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. આજે સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેર કરેલા આંકડા પ્રમાણે રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૭૧૩૫ કેસ નોંધાયા છે. તો આ દરમિયાન ૮૧ લોકોના મૃત્યુ થયા છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૨ હજાર ૩૪૨ દર્દીઓ કોરોનાને માત આપી સાજા થયા છે. નવા કેસની સાથે ગુજરાતમાં કુલ સંક્રમિતોની સંખ્યા ૭ લાખ ૫૯ હજાર ૭૫૪એ પહોંચી ગઈ છે. તો અત્યાર સુધી ૯૨૦૨ દર્દીઓના મોત થયા છે.

રાજ્ય માટે સારા સમાચાર તે છે કે છેલ્લા કેટલાક દિવસથી નવા કેસ કરતા સાજા થનારાની સંખ્યા સતત વધી રહી છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૨ હજાર ૯૩૨ લોકોએ કોરોનાને માત આપી છે. આમ અત્યાર સુધી ૬૫૦૯૩૨ લોકો સાજા થઈ ગયા છે. રાજ્યમાં એક્ટિવ કેસ પણ એક લાખની નીચે પહોંચી ગયા છે. ગુજરાતના આજની તારીખે એક્ટિવ કેસ ૯૯૬૨૦ છે. જેમાં ૭૬૨ દર્દીઓ વેન્ટિલેટર પર છે. આમ રાજ્યનો રિકવરી રેટ વધીને ૮૫.૬૮ ટકા થઈ ગયો છે.

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદ શહેરમાં સૌથી વધુ ૨૩૩૮ કેસ નોંધાયા છે. વડોદરા શહેરમાં ૪૫૫, સુરત શહેરમાં ૩૫૬, વડોદરા ગ્રામ્ય ૨૪૬, જૂનાગઢ ૨૧૯, જામનગર શહેર ૧૯૨, પંચમહાલ ૧૮૫, આણંદ ૧૬૪, ગીર સોમનાથ ૧૬૪, જૂનાગઢ શહેર ૧૬૩, સુરત ગ્રામ્ય ૧૬૨, રાજકોટ ગ્રામ્ય ૧૬૦, ભરૂચ ૧૫૦, અમરેલી ૧૩૯, મહેસાણા ૧૩૩, ખેડા ૧૩૭, મહીસાગર ૧૩૦, રાજકોટ શહેરમાં ૧૧૯ કેસ સામે આવ્યા છે.

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદ શહેરમાં ૧૧ લોકોના મોત થયા છે. તો વડોદરા શહેરમાં ચાર, સુરત શહેરમાં ૬, વડોદરા ગ્રામ્ય ૪, જૂનાગઢ ૪, જામનગર શહેર ૩, પંચમહાલમાં ૨, સુરત ગ્રામ્યમાં ૪, રાજકોટ ગ્રામ્યમાં ૪, રાજકોટ શહેરમાં ૪, અમરેલી અને ખેડામાં બે-બે દર્દીઓના મોત થયા છે.

## રાજ્યના ૮ મહાનગરો સહિત ૩૬ શહેરોમાં મર્યાદિત નિયંત્રણો ૨૧મી સુધી લંબાવાયા

ગાંધીનગર, તા.૧૭

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ કોરોના સંક્રમણ નિયંત્રણ માટેની ભારત સરકારના ગૃહ મંત્રાલયની માર્ગદર્શિકા સંદર્ભે રાજ્યના ૩૬ શહેરોમાં રાત્રિ કરફયુ સહિત વધારાના મર્યાદિત નિયંત્રણો લંબાવવાનો નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ આ અંગે સ્પષ્ટ જણાવ્યું કે ગુજરાત સરકારે રાજ્યના સૌ નાગરિકોને હાલ ની સંભવિત વાવાઝોડા સહિત ની પરિસ્થિતિમાં તેમજ કોરોના ની સ્થિતિમાં સલામત-સુરક્ષિત રાખવા તેમજ ઓછામાં ઓછી તકલીફ પડે તેવી હમદર્દી સાથે રાત્રિ કરફયુ અને વધારાના મર્યાદિત નિયંત્રણો વધુ ત્રણ દિવસ માટે યથાવત રાખવાનો નિર્ણય કર્યો છે

મુખ્યમંત્રીના આ નિર્ણય અનુસાર રાજ્યના ૮ મહાનગરો સહિત ૩૬ શહેરોમાં રાત્રિ કરફયુ તા.૧૮ મે-૨૦૨૧ થી તા.૨૦ મે-૨૦૨૧ સુધી દરરોજ રાત્રિના ૮ વાગ્યાથી સવારના ૬ વાગ્યા સુધી યથાવત અમલમાં રહેશે. આ ૩૬ શહેરોમાં હાલ જે નિયંત્રણો અમલમાં છે તે પણ તા. ૧૮મી મે સવારે ૬ વાગ્યાથી તા. ૨૧મી મે સવારે ૬ વાગ્યા સુધી યથાવત રાખવામાં આવ્યા છે.

આ ૩૬ શહેરો સિવાય રાજ્યના અન્ય વિસ્તારોમાં હાલ જે નિયંત્રણો અમલમાં છે તે તા. ૧૮મી મે ના સવારે ૬ વાગ્યાથી તા. ૨૧મી મેના સવારે ૬ વાગ્યા સુધી અમલી રહેશે.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના નાના મોટા વેપારી, ઊદ્યોગો તથા જનતા જનાર્દને રાજ્યમાં કોરોના સંક્રમણ અટકાવવાના હેતુથી રાત્રિ કરફયુ સહિતના વધારાના નિયંત્રણોના અમલમાં આપેલા સહયોગ અંગે આભારની લાગણી વ્યકત કરી હતી.

તેમણે ઉમેર્યુ કે, સૌના સહિયારા પ્રયાસો ફળદાયી નિવડયા છે અને કોરોના કેસોનું પ્રમાણ ઘટી રહ્યું છે.

## પ્રાંતિજ ખાતે મહર્ષિ દયાનંદ સરસ્વતી સેવા મંડળ દ્વારા શાંતિ યજ્ઞ યોજાયુ

**વિશ્વ કલ્યાણ અર્થે શાંતિ યજ્ઞ યોજાયુ : કોરોનાથી મુકિત મળે તેવા શુભ આશયથી યજ્ઞ યોજાયુ : શ્રી રાંદલ મહાકાલી માતાના મંદિર સંકુલમાં યજ્ઞ યોજાયુ : મહર્ષિ દયાનંદ સરસ્વતી સેવા મંડળ દ્વારા યજ્ઞ યોજાયુ : સરકારની ગાઇડ લાઇન મુજબ સોશિયલ ડિસ્ટન્સ સાથે યજ્ઞ યોજાયુ**

પ્રાંતિજ તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે મહર્ષિ દયાનંદ સરસ્વતી સેવા મંડળ દ્વારા શ્રી રાંદલ મહાકાલી મંદિર ખાતે વિશ્વ કલ્યાણ અર્થે શાંતિ યજ્ઞ યોજાયુ હતુ જેમા ભારત સહિત



વિશ્વના લોકોને કોરોનાથી મુકિત મળે તેવા શુભ આશયથી શાંતિ યજ્ઞનુ આયોજન કરવામા આવ્યુ હતું.

પ્રાંતિજ ભાંખરીયા બસસ્ટેશન ખાતે આવેલ શ્રી રાંદલ મહાકાલી માતાના મંદિર સંકુલ ખાતે મહર્ષિ દયાનંદ સરસ્વતી સેવા મંડળ દ્વારા શાંતિ યજ્ઞ નુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા હાલ દેશ સહિત વિદેશોમાં કોરોનાની મહામારી ફેલાઈ રહી છે અને જે દિન પ્રતિદિન સંક્રમણ વધી રહ્યુ છે અને દેશ સહિત ગુજરાત મા કોરોનાની બિમારી થી લોકો ઝઝૂમી રહ્યા છે તેઓને જલ્દીથી સ્વસ્થ, નિરોગી , અને તંદુરસ્ત થઈ ને બહાર આવે અને જેટલુ બને તેટલુ જલ્દી કોરોનાની મહામારી ગુજરાત દેશ સહિત વિદેશ માથી નાબુદ થાય તે હેતુથી પ્રાંતિજ ખાતે કાર્યરત મહર્ષિ દયાનંદ સરસ્વતી સેવા મંડળ દ્વારા શાંતિ યજ્ઞનુ આયોજન કરવામા આવ્યુ હતુ .જેમા પોગલુ વારાહી માતાજી મંદિર ના મહંત સુનિલદાસજી, મહર્ષિ દયાનંદ સરસ્વતી સેવા મંડળ ના કમલેશભાઈ કિંમતાણી, રાજુભાઈ દેસાઇ, પશાભાઈ રાજા, પતંજલી ડૉ.રાજુભાઈ, નગરપાલિકા કોર્પોરેટર રાજેશભાઈ ટેકવાણી, મનુભાઈ રામચંદાણી, મહેશભાઈ કિંમતાણી, ધનશ્યાભાઈ કિંમતાણી, અનુજપટેલ સહિત મંદિર ના ટ્રસ્ટી દેવીબેન પટેલ, તથા રતિલાલ ટેકવાણી ઉપસ્થિત રહ્યા હતા તો વિશ્વ શાંતિ યજ્ઞમાં સરકારની ગાઇડ લાઇન મુજબ મહર્ષિ દયાનંદ સરસ્વતી સેવા મંડળના સભ્યો દ્વારા સોશિયલ-ડીસટન સાથે ઉપસ્થિત રહીને પજ્ઞ ની વૈજ્ઞાનિક પ્રધ્ધતિ દ્વારા યજ્ઞ નુ આયોજન કરવામા આવ્યુ હતું.

## ઈડર તાલુકાના રૂવચમાં કોરોનાની મહામારીથી બચવા અણુજો પાડી ધુપિયુ કાઢવામાં આવ્યું

**એક ટાઈમ ડેરીમાં દૂધ ભરાવવાનું બંધ રાખવા માં આવ્યું સાથે ગામ લોકોએ તમામ ધંધા-રોજગાર બંધ રાખી માતાજીના વધામણાં કરવામાં આવ્યા**

ઈડર.તા.૧૭

કોરોના ની મહામારીએ શહેરો ની સાથે સાથે ગામડાઓમાં તાંડવ મચાવ્યો છે,અને શહેરો કરતા ગામડાઓમાં કોરોના ના કેસો વધવા લાગ્યા છે,સાથે સાથે મૃત્યુ આંક વધતા લોકોમાં ભય વ્યાપ્યો છે ,ત્યારે કોરોના ની મહામારી ને નાથવા ઈડર તાલુકા ના રૂવચ ગામમાં એક દિવસનો સંપૂર્ણ અણુજો



(ગામલોકો ના તમામ ધંધા તેમજ કામકાજ બંધ રાખવા )પાડી ગામમાં ધુપિયુ ફેરવા માં આવ્યું હતું.


કોરોના ની મહામારી થી ગામ લોકો સલામત રહે તે માટે ગામ લોકો સ્વેચ્છાએ આખો દિવસ પોતાનું કામકાજ બંધ રાખી ગામ માં આવેલ તમામ નાના મોટા મંદિરો માં વધામણાં કરી સુખડી અને ટોઠા નો થાર ચડાવી પ્રાર્થના કરવામાં આવી હતી.અને પશુપાલકો આ દિવસે પોતાના પશુઓનું દૂધ ડેરી માં ભરાવવાનું બંધ રાખવામાં આવે છે.અને આખા ગામમાં ધુપિયુ ફેરવી કોરોના ના વાઈરસ સામે રક્ષણ મેરવવા વડીલો ધ્વરા ગામમાં વિધી કરવામાં આવી હતી.આખા ગામમાં દુપિયુ ફેરવવાવની સાથે પશુઓ પર પાણી ઢોર કરવાથી અન્ય કોઈ ગંભીર બીમારીઓ સામે રક્ષણ માટે પુરાણીક માન્યતા પ્રમાણે ગામલોકો પોતાના કામકાજ બંધ રાખી એકત્ર થઈ માતાજીના હોમ હવન અને વધામણાં કરી ભૂતકારમાં આવેલ આવી મહામારીઓ થી રક્ષણ મેરાવતા વડીલો માર્ગદર્શન હેઠળ વિધી કરવામાં આવતી હતી.ત્યારે આજે કોરોના ની વૈશ્વિક મહામારી થી સ્તબ્ધ અને નિસહાય બનેલ ગામડાઓમાં લોકો પુરી શ્રદ્ધા અને વિશ્વાસ સાથે ગામ માં આવેલ દેવ-દેવીઓના મંદિરે દીવો અને સુખડી ના થાળ સાથે વધામણાં કરી પોતાનો પરિવાર નું રક્ષણ થાય અને ઝડપી મહામારી નો નાશ કરવા મંદિરમાં પ્રાર્થના કરવામાં આવી હતી.સાતેક પ્રકારના ધૂપ નો ઉપયોગ કરી ગામમાં ફેરવવામાં આવ્યું હતું.અત્યાર ની કોવિડ ની ગાઈડલાઈન પ્રમાણે ગામના વડીલ પ્રતિનિધિ જ મંદિરે મંદિરે જઈ પ્રાર્થનાઓ કરી હતી.જ્યારે પશુઓ પર પણ પાણી ઢોર કરવામાં આવ્યું હતું,જેથી પશુઓમાં પણ મહામારી નો ચેપ ના લાગે અને તંદુરસ્ત રહે.ગામડાઓમાં કોરોના ની મહામારી ને લઈને પુરાણીક માન્યતાઓ સાથે સદ્ધા અને વિશ્વાસ સાથે કોરોનાથી સુરક્ષિત રહેવાના પ્રયત્નો થઈ કરાઈ રહ્યા છે.

## અરવલ્લી ટૌકતે સાયક્લોનના જોખમ ટાળવા ખેડૂતોએ કાળજી લેવી

**એપીએમસી માં અનાજ કે ખેતપેદાશ સુરક્ષિત રાખવા તાડપત્રીથી ઢાંકીને રાખવા**

ધનસુરા, તા.૧૭

ખેતીવાડી વિભાગના જણાવ્યા મુજબ હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી કેટલાક દિવસ દરમિયાન ટૌકતે સાયક્લોનના કારણે ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વાવાઝોડા તથા વરસાદી ઝાપટા પડવાની તેમજ વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતાઓ રહેલી છે. હાલમાં ખેતરમાં ઉભા પાક જેવા કે ઉનાળુ બાજરી, જુવાર ઘાસચારો, શાકભાજી વગેરે પાકમાં ખેડૂતોએ સાવચેતી અને સલામતીના પગલા લઈ ખેતી પાકોમાં જોખમ ઘટાડવા




કાળજી લેવી આવશ્યક છે.

ભારે વાવાઝોડા તથા વરસાદ થવાની ચેતવણીને ધ્યાને લઈ ખેડૂતોએ હાલ ઉનાળુ બાજરી પાકમાં પિયત ટાળવું તથા કાપણી કરેલ હોય તો વરસાદથી પાક ભીજાય નહી તે માટે કાપણી કરેલ તૈયાર પાક ગોડાઉન અથવા સુરક્ષિત જગ્યાએ રાખવા કાળજી લેવી. જુવાર ઘાસચારો, શાકભાજી વગેરે પાકમાં ઉભા પાકોમાં પિયત ટાળવું. ખેતરમાં ઉભા પાકમાં પાણીના નિતારની વ્યવસ્થા આગોતરી કરવી. ખાસ કરી ને બીટી કપાસનું નવુ વાવેતર હમણા ટાળવું. શાકભાજી વગેરેના ખેતરોમાં વરસાદી પાણી ભરાઈ ના રહે તે માટે આગોતરી કાળજી લેવી.ખેતરમાં રહેલ ઘાસચારાના ઢગલા વ્યવસ્થિત જગ્યાએ ઢાંકીને રાખવા.નવુ ખરીદેલ બિયારણ પલડે નહીં તે મુજબ સુરક્ષિત ગોડાઉનમાં રાખવું.

એપીએમસી માં અનાજ કે ખેતપેદાશ સુરક્ષિત રાખવા અને અનાજ કે ખેતપેદાશ તાડપત્રીથી ઢાંકીને રાખવા એપીએમસીમાં કે અન્ય જગ્યાએ વેચાણ અર્થે અથવા સંગ્રહ માટે લઈ જવાતી ખેતપેદાશો તાડપત્રી ઢાંકી ને જ લઈ જવી.વાવાઝોડા, ભારે પવન તથા વરસાદના સંજોગોમાં પશુઓને યોગ્ય સુરક્ષિત જગ્યાએ રાખવા.ખેતરમાં કે ઘરની આજુબાજુ મોટા ઝાડ હોય તો તેની છટણી અવશ્ય કરવી જેથી જોખમ ટાળી શકાય. વધુ વરસાદની પરિસ્થિતિમાં ઘાસચારાનો યોગ્ય સંગ્રહ કરવો તેમજ જાણવણી માટે તાડપત્રીનો ઉપયોગ કરવો તથા પશુઓના નિભાવ માટે વૈકલ્પિક આહાર યોજના,પશુઓને પીવાના પાણી જેવા મુદ્દાઓ પર ખાસ ધ્યાન આપવું. વરસાદ કે પવનની આગાહી ધ્યાને લેતા મોબાઈલ ફોન ટોર્ચ વગેરે ચાર્જ કરીને રાખવું અને સુરક્ષા માટે કે સલામતી માટેની તમામ વ્યવસ્થા રાખવી. એમ જિલ્લા ખેતીવાડી અધિકારી,જિલ્લા પંચાયત, અરવલ્લીની એક અખબારી યાદી દ્વારા જણાવાયું છે.

## જન્મદિને વધામણી



રાહી ચિરાગકુમાર પટેલ
આંટીયાદેવ, તા.બાયડ



જગદીશભાઈ કાન્તિભાઈ દરજી
(પ્રા. શિક્ષક)
ગાબટ, તા.બાયડ



દેવશ્ય કિશનભાઈ(અપ્પુ) પટેલ
(સ્વામિનારાયણ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી

**ઘરમા રહો, સુરક્ષિત રહો**

## કાળમુખો કોરોના : બાયડમાં નિવૃત્ત શિક્ષકના યુવાન પુત્રને કોરોના ભરખી ગયો

**પરિવારના તમામ સભ્યો સંક્રમિત**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

કાળમુખો કોરોના બાયડમાં યુવાનોને ઓહીયા કરતાં સર્વત્ર ભયનો માહોલ છે. બાયડની વૃન્દાવન સોસાયટીમાં રહેતા નિવૃત્ત પ્રા.શિક્ષક અજમલસિંહ શનસિંહ ઝાલાના યુવાન પુત્ર કપિલદેવને કોરોના ભરખી જતાં સોસાયટી વિસ્તારમાં શોક છવાયો છે. પાછલા ૧ મહિનામાં કોરોના બાયડના ૫ યુવાનોને ભરખી ગયો છે. જાણવા મળ્યા મુજબ પરિવારના તમામ સભ્યો સંક્રમિત થયા છે પરંતુ તેમની તબિયત સ્થિર છે.



કોરોના સામે સ્થાનિક તંત્ર અને પાલિકાએ યોગ્ય કામગીરી કરી હોવા છતાં કોરોનાનું સંક્રમણ વધુ ને વધુ વકરી રહ્યું છે. બાયડમાં કોરોના દર્દીઓની સારવાર કરતી ખાનગી કોવિડ હોસ્પિટલ તાલુકા કરતાં અન્ય જિલ્લાના દર્દીઓથી ઉભરાઈ અને તેના કારણે બાયડમાં કોરોનાનું સંક્રમણ વધુ બેકાબુ બન્યાની આશંકા છે. વેપારીઓએ આંશિક અને સ્વયંભૂ લૉકડાઉનમાં અમૂલ્ય સહયોગ આપવા છતાં પણ કોરોનાના વિકરાળ સ્વરૂપે બાયડની પ્રજાને હચમચાવી નાખી છે. તાજેતરમાં જ એક પછી એક ૪ વેપારી યુવાનોના કોરોનાથી મોત નિપજ્યા છે. ત્યારબાદ નિવૃત્ત પ્રા.શિક્ષકના પુત્ર કપિલદેવ ઝાલાને કોરોનાનું સંક્રમણ થતાં વાત્રકની સરકારી કોવિડ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો પરંતુ જીંદગી સામેનો જંગ હારી જતાં મોત નિપજ્યું હતું.

## ગ્રામ્ય વિસ્તારમાં દારૂણ સ્થિતિ : નાનીવાડોલની પરણિતા રાહત કામમાં મજૂરીએ જતાં ત્રાસ

**ખેરોજ પોલીસે પતિ સામે ગુનો નોંધ્યો**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

ઈડર તાલુકાના નાનીવાડોલની શીતલબેન રાવળને તેના પતિ દ્વારા તું ૩ દિવસથી રાહત કામમાં મજૂરીએ જાય છે, કેમ જમવા બનાવતી નથી તેમ કહી માનસિક ત્રાસ ગુજારી ગડદાપાટુનો માર મારી મારી નાખવાની ધમકી આપતાં મામલો ખેરોજ પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. ખેરોજ પોલીસે મહિલાના પતિ હર્ષિત કરસનભાઈ રાવળ વિરૂદ્ધ માનસિક ત્રાસ અને ધમકી આપ્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસ સૂત્રોએ આપેલી જાણકારી અનુસાર નાનીવાડોલમાં હર્ષિત રાવળ સામાન્ય બાબતમાં પણ પત્નિને માનસિક ત્રાસ આપતો જેમાં તાજેતરમાં તું ૩ દિવસથી રાહત કામમાં મજૂરીએ જાય છે, કેમ જમવાનું સારૂ બનાવતી નથી તેમ કહી ઝઘડો શરૂ કર્યો અને ત્યારબાદ ગડદાપાટુનો મારમારી પટ્ટાથી મારમારી મારી નાખવાની ધમકી આપતાં ભયભીત થયેલી મહિલાએ પોલીસ સ્ટેશનની વાટ પકડી હતી. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## બાયડમાં નિયમો નેવે મૂકીને ઘાસચારાનું વહન કરતા વાહનો સામે પોલીસનું સૂચક મૌન

**આવાં વાહનો માર્ગો ઉપર ગંભીર અકસ્માત નોંતરી શકે છે, દરેક વાહન ચાલકો માટે નિયમ સરખો**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

બાયડમાં છેલ્લા ૪ દિવસથી નિયમો નેવે મૂકીને ઘાસચારાનું વહન વાહન ચાલકો સામે પોલીસના આંખ મિચામણાંએ ચર્ચા જગાવી છે. બાયડ ટાઉનમાં જ આવાં દ્રશ્યો દિવસમાં અનેકવાર જોવા મળી રહ્યા છે છતાં કેમ ઉચિત પગલાં ભરાતાં નથી. જ્યારે અન્ય વાહન ચાલકોને પોલીસ સ્ટેશન આગળ થોભાવી દીધા પછી રકઝક કરીને રવાના કરી દેવામાં આવે છે તેની પાછળનો હેતુ શું હોઈ શકે..?? તે પણ તપાસનો વિષય છે.



બાયડ પોલીસની એકને ખોળ અને બીજા ગોળની કાર્યરીતી સામે રોષ ફેલાયો છે. ટ્રાફીક સમસ્યા બેકાબુ બની છે. ટાઉન જમાદારો ક્યાં ફરજ બજાવે છે તે જ પ્રજાને ખબર નથી. માત્ર કોઈ અરજી આવી હોય તો તેના ઉકેલમાં જ રચ્યા પચ્યા રહે છે. સમી સાંજ ઢળે એટલે દારૂની રેલમછેલ શરૂ થઈ જાય છે છતાં પોલીસને લથ્થડીયાં ખાતા મહાશયો દેખાતા નથી અને હવે બાયડના માર્ગો ઉપર વહેલી પરોઢે અને સમી સાંજે નિયમો નેવે મૂકીને ઠાંસી ઠાંસીને ઘાસચારો ભરીને જતા વાહનો સામે પોલીસે કેમ શરણાગતિ સ્વીકારી..?? તે સ્થાનિક લોકોને સમજાતું નથી. આમ તો કહેવાય છે કે છેલ્લા કેટલાક સમયથી નાઈટ પેટ્રોલીંગ ઉપર પૂર્ણવિરામ આવી ગયું છે. ક્યાંય રાત્રિ દરમ્યાન પોલીસ દેખાતી નથી અને દિવસે અસહ્ય ગરમીના કારણે પોલીસ અદ્રશ્ય થઈ જાય છે. ક્રાઈમરેટ ઘટાડવા માટે માત્ર અરજીઓ ઉપર જ તપાસને આટોપી દેવાય છે પરંતુ હવે અન્ય જિલ્લાનાં ઘાસચારો ભરીને જતાં વાહનો માટે બાયડ પોલીસને છેલ્લા કેટલાક દિવસથી પ્રેમ ઉભરાયો છે. આવું વાહન બે સાઈડે ગમે ત્યાં નમીને ગુંલાંટ ખાઈ જાય તેવી સ્થિતિ હોય છે. પોલીસ સ્ટેશન આગળથી જ આવાં દરરોજ ૫ થી ૭ વાહનો પસાર થાય છે છતાં પગલાં ભરવાના બદલે આવાં વાહનોને અન્ય મુસાફરોના જીવના જોખમે દોડવા માટે પરવાનગી કોના ઈશારે..??

વ્યક્તિ વિશેષ...

## સંગાથ મિશનનો સારથી, મોડાસાના કેળવણીકાર હરેશ પટેલનો અનોખો સેવા યજ્ઞ

**કોરોનામાં માતા-પિતા ગુમાવ્યા તેવા બાળકોને મફત શિક્ષણ આપવાની જાહેરાત**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

મોડાસા તાલુકાના ભેરૂન્ડા ગામના વતની અને મોડાસા શહેરની જાણીતી ન્યુ લિપ સ્કુલના પ્રમુખ હરેશ નરસિંહભાઈ પટેલે બાળકો માટે સારા શિક્ષણની સાથે સમાજના દરેક વર્ગના ઘરડાં, અંધ, અશક્ત, શારિરીક-માનસિક, અપંગ, બહેરા-મૂંગા, રક્તપિત્તગ્રસ્ત, વિધવા, ત્યકતા, નિરાધાર, દલિત, કચળાયેલા ઉન્નત મસ્તકે જીવી શકે તે માટે જરૂરી તમામ કામ કર્યાં છે. સેવા યજ્ઞનું નામ આવે એટલે હરેશ પટેલનું નામ સૌથી પ્રથમ આવે. જીંદગીમાં અનેક ચઢાવ-ઉતાર જોયા પછી આખરે માનવ સેવા એ જ સાચો ધર્મ..ગુરૂમંત્રને જીવનમાં વણી લીધો છે. સંગાથ મિશનના નેજા હેઠળ લોક કલ્યાણના કાર્યોનો યજ્ઞ આરંભ્યો છે.



જેમને લોકોની સેવા કરવી છે તેમને માત્ર તક મળવી જોઈએ. અનેક લોકોએ પોતાના સ્વાર્થને ધ્યાને રાખી લોકસેવાનો આડંબર રચ્યો. જ્યારે અનેક સેવાના ભેખધારીઓએ કોઈપણ પ્રકારની અપેક્ષા વગર કામ કરી રહ્યા છે. છૂપી મદદનો ધોધ પણ વરસાવી રહ્યા છે. તાજેતરમાં કોરોનાની મહામારીએ સૌને હચમચાવી દીધા અનેક પરિવારો વેર વિખેર થઈ ગયા. આવા સમયે આવા પરિવારને સધીયારો આપે જ કોણ..?? અરવલ્લી જિલ્લામાં કોવિડ-૧૯ની બિમારીના કારણે જે બાળકોના માતા-પિતા મૃત્યુ પામ્યા છે તેવા બાળકોને મોડાસાની ખ્યાતનામ શૈક્ષણિક સંસ્થા ન્યુ લિપ ઈન્ટરનેશન સ્કુલ ગુજરાતી-અંગ્રેજી માધ્યમમાં બાળકો ઈચ્છે ત્યાં સુધી અભ્યાસ કરવા માગતા હોય તેમના માટે નિઃશુલ્ક શિક્ષણ આપવાનો પ્રમુખ હરેશ પટેલે નિર્ણય કર્યો છે. આવા તમામ બાળકોને તમામ જરૂરીયાતોનો સમસ્ત ખર્ચ ન્યુ લિપ સ્કુલના ટ્રસ્ટી દ્વારા ઉઠાવવામાં આવશે. બાળકો સમાજમાં પગભર થાય ત્યાં સુધી તેઓને હુંફ અને માર્ગદર્શન પુરા પાડવાની પણ કટીબદ્ધતા તેઓએ વ્યક્ત કરી છે. વિશિષ્ટ પ્રકારની સમાજ સેવા છતાં પોતે પડદા પાછળ રહી સેવા કાર્યોની ધૂણી ધખાવી છે. તેમને નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, રક્તદાન, વ્યસનમુક્તિ, ચેપી રોગ નિયંત્રણ, સર્વરોગ નાબૂદી અભિયાન, કુરિવાજો, રૂઢીચૂસ્ત, અંધશ્રદ્ધાઓ, અફવાઓ નાબૂદી ઝુંબેશ ઈત્યાદીને લગતા સામાજીક-શૈક્ષણિક શિબિરો યોજી નાસીપાસ થયેલા અનેક લોકોની જીંદગી તાજગીસભર બનાવી દીધી છે. તેઓએ માત્ર બાળકોના શિક્ષણની જ ચિંતા કરી નથી પરંતુ મહિલા સશક્તિકરણને પણ પ્રાધાન્ય આપ્યું છે. મહિલાઓના વિકાસ માટે ગૃહ ઉદ્યોગ, પાપડ ઉદ્યોગ, મીણબત્તી, અગરબત્તી, અથાણા, વિવિધ વાનગીઓ બનાવવાના તાલીમ કેમ્પો, પર્યાવરણ જાળવણી માટે વિવિધ કાર્યક્રમોનું પણ આયોજન કરીને રાષ્ટ્રના એક જવાબદાર નાગરિક તરીકેની ફરજો અત્યારે પણ સૂપેરે અદા કરી રહ્યા છે.